અપીલ અરજી નં. ૫૨૪,તા.૩૧–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અજય એ. જાંગીડ
સામાવાળાઃ– ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય એ. જાંગીડની તા. ૧૮–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)સુરત મહાનગરપાલિકાના ફુડ ઈન્સપેકટરની નામ ,સરનામા અને હોદ્દા સહિતની માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૧–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૨૪/૨૦૧૧–૧૨

શ્રી અજય એ. જાંગીડની તા. ૧૮–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)સુરત મહાનગરપાલિકાના ફુડ ઈન્સપેકટરની નામ ,સરનામા અને હોદ્દા સહિતની માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૮)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૭ તા.૧૦–૧–૧૨ થી** ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ હકીકત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧–૨–૧૨ ના રોજ માહિતી આયોગને કરેલ ફરીયાદ/બીજી અપીલની નકલ તથા મુળ અરજીની નકલ તથા તા.૭–૨–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૧–૧૧ ની અરજીથી ફુડ વિભાગની મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુમપાને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૩૩ તા.૧૯–૧૧–૧૧ થી આરોગ્ય અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જેમાં

(1) P lease give me the detail , contact detail, designation of food inspectors for SMC.

(2) Give me the certified Copy of report sheets which showing inspection done during the last year. ( approx a year which one is available

(3) Give me the name and detail of hotel / restaurant /food place which is in knowledge of food inspectors' department record.

(4) Give me the certi fied Copy of report sheets which showing notice issued to restaurant /hotel/food place during the last year with name, reason for notice and date.

(5) Give me the Copy of rule which showing numbers of annual inspection should be done by inspector for each food place / restaurant /hotel (annual minimum inspection for a restaurant?)

(6) Please give me the detail list which showing the name of the hotel/restaurant /food place got notice for any reason by food inspector.

(7) Give me the copy of rule which showing medical examination is compusory for workers of restaurants.

(8) Please give me the Copy of report which showing name of the restaurants which follow the rule of medical examination of Para 7.

જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ માહિતી મળી નથી તેવું જણાવી તા.૩૧–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે તથા માહિતી વિના મૂલ્યે પૂરી પાડવા અને જાહેર માહિતી અધિકારીને દંડનીય કાર્યવાહીની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૭ તા.૧૦–૧–૧૨ થી અપીલ તબકકે માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સા આધાર સહિત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તેમની તા.૧–૨–૧૨ ના પત્રથી જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ નિર્ણય મળ્યો નથી તથા પ્રથમ અપીલ અધિકારી તરફથી પણ નિર્ણય મળેલ ન હોઈ આયોગને કલમ–૧૯(૩) હેઠળ કરેલ બીજી અપીલની નકલ રજૂ કરેલ છે. તેવું જણાવી ત્યાર બાદ અરજદારે તા.૭–૨–૧૨ ના પત્રથી સુનાવણી વખતે રજૂ કરીશ તેવું જણાવેલ તથા આ અપીલ અંગે સુનાવણી રાખવા આગ્રહ કરેલ. જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/૧૭૩૩ તા.૧૩–૨–૧૨ થી અરજદારને તે અંગે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ કે બંને પક્ષોની રજૂ થયેલ વિગતો ધ્યાને લીધા બાદ આવશ્યક જણાય તો સુનાવણી રાખવાનું અપીલ અધિકારીની વિવેકાધીન સત્તા મર્યાદામાં છે તેથી સદર પત્ર બાબતે પુનઃ આધારસહ પક્ષ રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદાર તરફથી તે અંગે કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી. આમ જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડેલ ન હોઈ આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૩૧–૧૨–૧૧ ધ્યાને લેતાં ૩૦–૧–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૪–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

અરજદારે પ્રસ્તુત અપીલમાં પ્રત્યક્ષ સુનાવણીનો આગ્રહ રાખેલ છે પરંતુ પ્રથમ અપીલ કક્ષાએ દિવાની કાર્યરીતી અધિનિયમ–૧૯૦૮ હેઠળની આરટીઆઈ બાબતે સત્તાઓ પ્રદાન થયેલ ન હોય તેમ કરવું આદેશાત્મક નથી. અત્ર એ પણ પ્રસ્તુત છે કે અરજદારને તેમનો પક્ષ રજૂ કરવા વાજબી અને પૂરતી તક આપવામાં આવેલ છે. એ પણ ઉલ્લ ેખનીય છે કે પ્રસ્તુત હુકમ અરજદારની તરફે જાય છે. આમ વૈકલ્પિક હકારાત્મક દૃષ્ટિકોણથી કાયદાની હાર્દ અને ભાવના જાળવી રાખવા સાથે પ્રથમ અપીલનો હુકમ થતો હોય તો પ્રત્યક્ષ સુનાવણીનો આગ્રહ અરજદાર પક્ષે રાખવો વ્યવહારુ, ઉચિત અને જાહેર હિતલક્ષી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૮–૧૧–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડનીય જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને હોઈ અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અજય એ. જાંગીડ,